GJPM040037002024

ફોજદારી કેસ દાખલ થયા તારીખ : ૧૪/૧૦/૨૦૨૪

ફોજદારી કેસ નીકાલ થયા તારીખ : ૧૫/૦૬ /૨૦૨૬

કુલ સમય ગાળો : વર્ષ માસ દિન

**હાલોલના મહેરબાન એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામ–હાલોલ.**

**આંક–**

ફરીયાદી :– સરકારશ્રી.

**વિરૂધ્ધ**

આરોપી :– ૧. મયંક ઉર્ફે મયલો બુધેસિંહ ઉર્ફે અરવિંદ નાયક
રહે.ઉધોગનગર હોટલ પાસે,તા.હાલોલ, જિ.પંચમહાલ
૨. કનૈયાલાલ ઉર્ફે ગુનીયો કાગડાભાઈ રાઠવા
રહે.જાંબુડી હેરીટેજ હોટલ પાસે,તા.હાલોલ, જિ.પંચમહાલ

સરકાર તર્ફે એ.પી.પી.શ્રી એન.એચ.પટેલ
બચાવ પક્ષ તર્ફે વિ. વ. શ્રી ડી.આર.સોલંકી

ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૫ એ.ઈ.,૮૧ મુજબ.

**–:: ઠ રા વ ::–**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.ઈ.,૮૧ મુજબના ગુનાનો આરોપ છે. આ કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા છે.આરોપીને કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવી.ત્યારબાદ, ફરીયાદપક્ષના કેસની વિગતે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે, તેથી ફરીયાદપક્ષનો પુરાવો આરોપીની હાજરીમાં નોંધવામાં આવ્યો.

૨. ત્યારબાદ, આરોપીનું ક્રિ.પ્રો.કો. કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપી નકારાત્મક બચાવ લઈ બચાવના સાક્ષી તપાસેલા નથી કે જુબાની આપેલ નથી અને ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૩. આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ કરેલ છે.

| **સાહેદોના નામ** | **આંક** |
|---|---|
| પંચસાહેદ સદામ મુર્તુજા કાલોલીયા | ૧૨ |
| પંચસાહેદ વસીમભાઈ રસુલભાઈ લીમડીયા | ૧૬ |
| પોલીસ સાહેદ સોમાભાઈ અર્જુનભાઈ | ૧૮ |
| ફરીયાદી દીગપાલસિંહ દશરથસિંહ | ૨૦ |
| ત.ક.અ.અભેસિંહ જીગરભાઈ રાઠવા | ૨૩ |

**દસ્તાવેજી પુરાવો**

| **દસ્તાવેજો** | **આંક** |
|---|---|
| પંચનામું | ૧૩ |
| ફરીયાદ | ૨૧ |
| રવાનગી પત્ર | ૨૫ |

**૪.** ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરેલ છે.

**૫.** ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળી તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવી.

**૬.** ઉપરોકત હકીકતે નીચે મુજબના વિચારણીય પ્રશ્નો મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં હેરીટેજ હોટલની સામે પ્રોહી.પ્રતિબંધક એરીયામાં પોતાના મકાનમાં વિદેશી દારૂના કુલ બોટલ નંગ–૩૮૦ કિંમત રૂા.૩૩૫૧૩/– નો ગેરકાયદેસર

અને વગર પાસ પરમીટનો પ્રોહી મુદામાલ રાખી, ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ–૬૫ એ.ઈ.,૮૧ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત પ્રશ્નોના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**પ્રશ્ન નં.૧,૨ :–**

૯. ફરિયાદપક્ષે આ કામમાં પંચ સાહેદને તપાસેલા છે આ કામમાં પંચ સાહેદ પોતાની જુબાની દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈપણ રીતે સમર્થન કરતા નથી. તેથી આ કામે પં ચનામાને ફકત સહી પુરતો જ આંક આપવામાં આવેલ છે. સદર પંચ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેઓની વિસ્તારપૂર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પંરતુ તેમ છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**૧૦.** ફરીયાદી, ત.ક.અમલદાર તથા સાહેદનો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ ફરિયાદ તથા તપાસ પ્રક્રિયાને અનુરૂપ પુરાવો આપેલ છે અને ત.ક.અધીકારીની જુબાનીમાં ફરીયાદ રજુ થયેલ છે.

જયારે આ સાહેદએ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ફરીયાદમાં સરકારી ગાડીનો નંબર તેમજ કેટલા વાગે નિકળેલા તે વિગત જણાવેલ નથી. મકાન માલીકી અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. બનાવવાળો વિસ્તાર વસ્તી વાળો છે. મકાનો આવેલા છે. રેઈડમાં આરોપી પકડાયેલ નથી.

**૧૧.** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ત.ક.અમલદાર તથા સાહેદના પુરાવા મુજબ બનાવ સ્થળે આરોપીના કબજામાંથી મુદ્દામાલ વિદેશી દારુ મળી

આવેલ અને તેનું પંચોની હાજરીમાં પંચનામું કરેલ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આ કામના પંચસાહેદોએ સદર પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને પંચનામાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. જેથી પંચસાહેદોની હાજરીમાં આરોપીના કબજામાંથી મુદ્દામાલ વિદેશી દારુ મળી આવેલ હોય તે હકીકત પંચસાહેદના પુરાવાથી શંકાસ્પદ બને છે. વધુમાં **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી. એચ. જે.(૧)</u>** or **<u>LAWS(GJH)-2010-11-33</u>** પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચસાહેદો ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિં. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી રેડ દરમ્યાન હાજર મળી આવેલ નહી તેવી હકીકત જણાવેલ છે તે જોતાં આરોપીના સભાન કબજામાંથી મુદ્દામાલ વિદેશી દારુ મળી આવેલ હોય તેવો સબળ, માની શકાય તેવો પુરતો પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. વધુમાં ત.ક.અમલદારે ગુનાની તપાસ દરમ્યાન મુદ્દામાલ મળી આવેલ તે જગ્યા આરોપીની માલીકીની હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો તપાસ દરમ્યાન મેળવેલ હોય તેવો પુરાવો નથી તેમજ તેવો દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષે ટ્રાયલ દરમ્યાન રજુ કરેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાતું નથી. વધુમાં ત.ક.અમલદારએ બનાવવાળી જગ્યાની આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તે સંજોગોમાં ત.ક.અમલદાર કે જેઓ પોલીસ સાહેદ છે તેઓના પુરાવાને સમર્થનકર્તા અન્ય કોઈ તટસ્થ સાહેદનો મૌખિક પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષે તરફે એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ આ કામે રજુ થયેલ નથી તે જોતાં પકડાયેલ મુદ્દામાલ કેફી પ્રવાહી હોવાની હકીકત સાબીત થઈ શકતી નથી. આમ, ત.ક.અમલદારના પુરાવાથી ગુનાની તપાસની પ્રક્રિયા માત્ર સાબીત થાય છે. એ હકીકત છે કે ત.ક.અમલદાર પોલીસ સાહેદ છે તેટલા કારણમાત્રથી તેઓનો પુરાવો અવગણી શકાય નહી પરંતુ પોલીસ સાહેદોના પુરાવામાં મુદ્દામાલ વિદેશી દારુ આરોપીના સભાન કબજામાંથી પકડાયેલ છે તે હકીકત શંકાથી પર સાબીત થવી જોઈએ પરંતુ બનાવ સમયે આરોપી હાજર ન હતા અને પંચસાહેદોએ જ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી ત્યારે મુદ્દામાલ વિદેશી દારુ પંચોની હાજરીમાં પોલીસે પકડેલ છે તે હકીકત સાબીત થઈ શકતી નથી તેમજ મુદ્દામાલ કેફી પ્રવાહી છે તેવો કોઈ વૈજ્ઞાનિક પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી.

**૧૨.** આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયના હીતમાં ઉચિત જણાતુ નથી. તેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનું આક્ષેપિત ગુનાહીત કૃત્ય પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોય આરોપીને નિર્દોષ છોડવા જરૂરી જણાતા હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

(૧) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ એ.ઈ.,૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓના કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે, અન્યથા મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કો.ક.–૪૩૭ (એ) અન્વયે, આરોપીએ રૂા.૫૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

તારીખ : ૧૫/૦૬ /૨૦૨૬<br>મુ.હાલોલ

(કિર્તી શર્મા)<br>જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટ<br>હાલોલ–પંચમહાલ<br>UNIQUE CODE GJ01721

રમજાની શકલા (પી.એ./સ્ટેનોગ્રાફર)